રાજેન્દ્ર ત્રિવેદી સામે હાથ જોડનારા ઓફિસરને સસ્પેન્ડ કરી દેવાયા

મહેસુલ મંત્રીએ કલેક્ટર ઓફિસની મુલાકાત લીધી : મહેસૂલ મંત્રીના દરોડા બાદ સોમવારે ગાંધીનગર જિલ્લા કલેક્ટરે ૧૧ નાયબ મામલતદારોની બદલીનો ઓર્ડર કર્યો

ગાંધીનગર, તા.૩

મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જિલ્લા કલેક્ટર ઓફિસની ઓચિંતી મુલાકાત લઈને ત્યાં ચાલતી લાલીયાવાડી ઉજાગર કર્યા બાદ હવે ૧૧ નાયબ મામલતદારોની બદલી કરી દેવાઈ છે. નિવૃત્ત તલાટીને ઓફિસમાં બેસાડીને જે સર્કલ ઓફિસર તેમની પાસે કામ કરાવતા રંગે હાથ ઝડપાયા હતા તેમને પણ સસ્પેન્ડ કરી દેવાયા છે. ઉલ્લેખનીય છે કે, આ સર્કલ ઓફિસર પોતાની પોલ પકડાઈ ગયા બાદ રાજેન્દ્ર ત્રિવેદી સામે હાથ જોડીને માફી માગતા જોવા મળ્યા હતા.

ત્યારબાદ તેમને કારણદર્શક નોટિસ પણ પાઠવવામાં આવી હતી. તેમની નિવૃત્તિને આડે બે મહિના જ બાકી છે તે વખતે જ તેમને સસ્પેન્ડ કરાતા થોડા દિવસોમાં તેમને મળનારું મામલતદારનું પ્રમોશન પણ લટકી ગયું છે. મહેસૂલ મંત્રીના 'દરોડા' બાદ સોમવારે ગાંધીનગર જિલ્લા કલેક્ટરે ૧૧ નાયબ મામલતદારોની બદલી કરવાનો ઓર્ડર કર્યો હતો. એક તરફ મંત્રીના દરોડાથી દોડતા થઈ ગયેલા તંત્રએ તાબડતોબ બદલીઓ કરી હોવાની ચર્ચા છે ત્યારે બીજી તરફ, અધિકારીઓ દ્વારા ખાલી જગ્યા ભરવા માટે, વહીવટી સરળતા માટે અને ઘણા વખતથી પેન્ડિંગ બદલીઓની કાર્યવાહી પૂરી થઈ હોવાનું કહીને બચાવ કરવામાં આવી રહ્યો છે. ઈશ્વર દેસાઈ સસ્પેન્ડ થતાં તેમની જગ્યાએ અડાલજના સર્કલ ઓફિસર તરીકે જે.ઓ. દેસાઈને મૂકવામાં આવ્યા છે.

૨૮ એપ્રિલના રોજ સાંજે રાજેન્દ્ર ત્રિવેદી ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં પહોંચ્યા હતા. ઓફિસમાં પ્રવેશતા જ તેઓ સર્કલ ઓફિસરની રુમમાં ગયા હતા, જ્યાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા ઈશ્વર દેસાઈ ગેરકાયદે રીતે એક નિવૃત્ત તલાટીને ઓફિસમાં બેસાડીને કામ કરાવી રહ્યા હોવાનું મંત્રીના ધ્યાને આવ્યું હતું. આ બાબતે રાજેન્દ્ર ત્રિવેદીએ તેમના ફેસબુક લાઈવમાં જ ઈશ્વર દેસાઈનો ઉધડો લઈ નાખ્યો હતો, તેમજ ઓફિસમાં કામ વિના બેસી રહેલા લોકોને પણ બહાર કાઢી મૂક્યા હતા. રાજેન્દ્ર ત્રિવેદીનું રૌદ્ર સ્વરુપ જોઈને ઈશ્વર દેસાઈ હાથ જોડીને તેમની માફી માગવા લાગ્યા હતા. જોકે, મંત્રીએ તેમને માફી આપવાનો ઈનકાર કરી દીધો હતો.

કેબલ ચોરીના ૫ ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા મુખ્ય સુત્રધાર ઝડપાયો

ગાંધીનગર, તા.૩

માણસા પંથકમાં બોરકુવા ઉપર રાત્રીના સમયે કેબલ ચોરી કરતી ટોળકીએ તરખાટ મચાવ્યો હતો. ત્યારે કેબલ ચોરીના પાંચ ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા ગેંગના મુખ્ય સુત્રધારને માણસા તળાવ પાસેથી એલસીબી-૨ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની ડ્રાઈવ ચાલી રહી છે. જે અન્વયે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ સ્ટાફના કર્મચારીઓ વિવિધ ટીમો બનાવી એક થી વધુ ગુનામાં નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી વર્ક આઉટ કરી આશ્રયસ્થાનો પર સતત કોમ્બીંગનું આયોજન કર્યું હતું. એલસીબી-૨ પોલીસ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી. તે દરમિયાન એએસઆઈ હરદેવસિંહ દલપતસિંહ તેમજ હે.કો.મહિપાલસિંહ પ્રવિણસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે માણસા પોલીસ મથક વિસ્તારમાં નોંધાયેલા કેબલ ચોરીના ૫ ગુનામાં સંડોવાયેલ મુખ્ય સુત્રધાર કરણસિંહ ઉર્ફે કરણ વિનુજી સોલંકી (રહે.સોલંકી પરા ઉનાવા ગામ તા.જી.ગાંધીનગર) ને માણસા

સરકારી દવાખાના સામે તળાવ નજીક થી પકડી પાડ્યો હતો.

જયારે પકડાયેલા આરોપીની સાથે કેબલ વાયર ચોરીમાં કુલ-૩ સભ્યોની ટોળકી છે. જેઓ ચોકક્સ સમયે એકઠા થઈ દિવસ દરમિયાન માણસા, કલોલ, પેથાપુર વિસ્તારમાં બોરકુવાઓની રેકી કરી રાત્રીના સમયે એકઠા થઈ વાહનનો ઉપયોગ કરી બોરકુવામાં લગાવેલા ઈલેક્ટ્રીક કેબલ વાયરોને કટર વડે કાપી છુટા કરી ચોરી કરી ભંગારની દુકાને સામાન્ય કિંમતે કેબલ વેચી મારી રૂપીયા ત્રણેય જણા સરખા ભાગે વહેંચી દેતા હોવાનું ધ્યાને આવ્યું છે.

ખૂણેખાંચરેથી

● જિલ્લા વહીવટીતંત્રએ ૧૧ જેટલા નાયબ મામલતદારોની બદલીના હુકમો જારી કર્યા છે.

● દહેગામના પાલૈયા ગામે ટ્રકની ટક્કરથી ખાટલામાં બેઠેલા મહેશભાઈ દેવી પૂજકનું મોત નીપજ્યુ છે.

● વિપક્ષના નેતા સુખરામભાઈ રાઠવાના પિતા હરિયાભાઈનું દુઃખદ અવસાન થયુ છે. સ્વ. નું બેસણુ ગુરૂવારે તેમના વતનમાં રાખવામાં આવેલ છે.

● આજે અખાત્રીજના પવિત્ર દિવસે ખેડૂતોએ રવિ સીઝનની વાવણી માટે ખેડનો પ્રારંભ કર્યો હતો.

● આજે આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસની ઉજવણી કરાશે.

● જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે જિલ્લાની લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલીકરણ સમિતિની બેઠક મળશે.

● આજે જિલ્લાભરમાં અક્ષયતૃતિયા પર્વને લઈ મોટી સંખ્યામાં લગ્ન સમારોહ યોજાયા હતા.

● માણસા ખાતે આજે યોજાયેલ સમારોહમાં ભાજપના પંચાયતના ચૂંટાયેલા સભ્યોની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી.

● રાજયની ગ્રાન્ટેડ કોલેજોમાં અધ્યાપકોની ભરતી પ્રક્રિયા નવા સત્ર સુધી અટકી પડી છે.

● ધો. ૧૨ના વિજ્ઞાનપ્રવાહનું પરિણામ મે માસમાં તથા ધો. ૧૦નું પરિણામ જૂનમાં જાહેર કરવામાં આવશે.

ન્યુ વાવોલ ખાતે બ્રહ્મ એકેડમીનો શુભારંભ

ગાંધીનગર, તા. ૩

ન્યુ વાવોલ ખાતે શ્રી બ્રહ્મ એકેડમીનો શુભારંભ ગઈકાલે કરવામાં આવ્યો હતો. આ શુભારંભ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય સી.જે. ચાવડા, ભાજપ ગાંધીનગર પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, બ્રહ્મસમાજ ગુજરાતના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, ગાંધીનગર બ્રહ્મસમાજ અગ્રણી કૃષ્ણકાન્તભાઈ જહા, ગાંધીનગર મનપાના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, પૂર્વ ગુડા ચેરમેન આશીષભાઈ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જસુભાઈ પટેલ, વૈદેહી ગ્રુપ વાવોલના દેવેન્દ્રસિંહ ગોલ, બ્રહ્મસમાજના અગ્રણી નિશીતભાઈ વ્યાસ, કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ, મહાનગરના પૂર્વ પ્રમુખ અને કોર્પોરેટર સુરેશભાઈ મહેતા દ્વારા દિપ પ્રાગટ્ય કરીને શ્રી બ્રહ્મ એકેડમીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ પ્રમુખ નરેશભાઈ દવે, મહામંત્રી મુકેશ શુકલ, ઉપપ્રમુખ કેતનભાઈ ઉપાધ્યાય, અખિલેશ મહારાજ, વિજયભાઈ, શ્રી સોમનાથ બ્રહ્મ કર્મ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કલ્પેશભાઈ મહેતા, પંકજભાઈ પંડ્યા, સહમંત્રી ભરતભાઈ ઉપાધ્યાય, નિલકંઠભાઈ વ્યાસ, નયનેશભાઈ ભટ્ટ, વાવોલના તમામ ભૂદેવ પરિવારજનો, શ્રી સમસ્ત બ્રહ્મસમાજના નાગરિકો, નીરવભાઈ રાવલ, ગૌરાંગભાઈ પંડ્યા, મુંજાલભાઈ, કિર્તીભાઈ પંડ્યા, પ્રદીપભાઈ રાવલની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

ધોળાકુવા રામદેવનગરમાં પાણીની લાઈન રીપેરીંગનું કહેતા પાડોશીને માથામાં લાકડી મારી

ગાંધીનગર, તા.૩

ધોળાકુવા રામદેવનગરમાં બે પાડોશીઓ વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે. તમારા ઘરની લાઈટ રીપેરીંગ માટે લાઈનનું ખોદકામ કર્યું છે. તેના લીધે મારી પાણીની લાઈન તમારા મજુરોએ તોડી છે તો રીપેરીંગ કરાવી આપો તેમ કહેતા જ ઘર માલિક ઉશ્કેરાઈ જઈને પાડોશીને બેફામ ગાળો બોલી પિતા-પુત્ર ને ગડદા-પાટુનો માર મારી લાકડી વડે તુટી પડતા પાડોશી આધેડને માથાના ભાગે ટાંકા લેવા પડ્યા છે. બનાવ અંગે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના ધોળાકુવા ગામના છેવાડે આવેલા રામદેવનગર વસાહતમાં મકાન નં.૪૨૨ માં બાબુભાઈ વિભાભાઈ ભરવાડ (ઉ.૬૦) કડીયાકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે સવારના સમયે ફરીયાદીના ઘર પાસે રહેતા જશુ ચુનીલાલ જયસ્વાલને કહ્યું કે તમારા ઘરની લાઈટ રીપેરીંગ માટે લાઈનનું ખોદકામ કર્યું છે તેના લીધે મારી પાણીની લાઈન તમારા મજુરોએ તોડી છે. જેને રીપેરીંગ કરાવી આપો. તેમ કહેતા જ જશુભાઈ ઉશ્કેરાઈ જઈને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. તે સમયે તેમની પત્ની ગીતાબેન પણ તેમનુ ઉપરાણુ લઈને આવી ગાળો બોલી ફરીયાદીને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. ત્યારે જશુભાઈ વધુ ગુસ્સે થતા બાબુભાઈને બચાવવા તેમનો દિકરો દેવકણભાઈ વચ્ચે પડ્યો હતો. જેથી જશુભાઈએ બાબુભાઈને માથાના ભાગે, હાથે તેમજ દિકરાને પણ ખભાના ભાગે લાકડી મારી હતી. જયારે મારામારી થતા અન્ય વસાહતીઓ એકઠા થઈ જતા જશુભાઈ અને તેમના પત્ની જતા રહ્યા હતા. જયારે ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તોને સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.જયાં ફરીયાદીની માથાના ભાગે ટાંકા લીધા હતા. જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નિરાધાર યુગલોના સમૂહલગ્ન માટે સ્ટે. ચેરમેને રૂ.૧ લાખનું દાન આપ્યું

ગાંધીનગર, તા.૦૩

અખાત્રીજના શુભ દિવસે ગાંધીનગર જિલ્લાના ઉનાવા ખાતે ગરીબ, અનાથ અને માતા-પિતા વિનાના સંતાનો હોય તેવા ક્ષત્રિય ઠાકોર સમાજના યુવક યુવતીઓના સમૂહલગ્નનો એક અનોખો મંગલ અને પવિત્ર અવસર યોજાયો હતો. આ અવસરે ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલે હાજરી

આપી હતી. આ સમૂહલગ્નના આયોજન પાછળ મુખ્ય આયોજક રાકેશભાઈ ગજેન્દ્રસિંહ ઠાકોરની સેવભાવનાથી પ્રભાવિત થઈને મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલે રૂ.૧ લાખની માતબર રકમનું દાન આપ્યું હતું જેની જાહેરાત થતાં જ સમગ્ર સભામંડપ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જશવંતભાઈ પટેલ સમાજિક સમરસતા અને સમાજના વંચિતોના ઉત્થાન માટે હંમેશા તત્પરતા સાથે કાર્યરત રહે છે.

સંકુલ સાદરાના કન્યા છાત્રાલયમાં કેશગૂંથણી અને મ્હેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

મહાત્મા ગાંધી સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં કન્યા છાત્રાલયમાં નિવાસ કરતી વિદ્યાર્થિનિઓ વર્ગખંડ અભ્યાસમાં પ્રવૃત્ત રહે છે. પણ કન્યા છાત્રાલયમાં વિશિષ્ટ પ્રવૃત્તિઓ હાથ ધરી છાત્ર નિવાસીઓને ગાંધીજીવન શિક્ષણ પદ્ધતિનો મહાવરો કરાવવામાં આવી રહ્યો છે. જેમકે સ્વચ્છતા-સફાઈ-શ્રમકાર્ય-ગૃહકાર્ય-વૃક્ષારોપણ-વૃક્ષજનતની સાથે સાથે કેશગૂંથણી અને મ્હેંદી સ્પર્ધાઓનું આયોજન સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ દ્વારા કરાઈ રહ્યું છે. કેશગૂંથણી અને મ્હેંદી સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોમાં રવિના ભાભોર, એકતા રાઠોડ, દિપ્સા ગુરવા, ભાવના ચાવડા, હીના ભૂરીયાનો સમાવેશ થાય છે. ગૃહમાતા વસંતી પરમાર અને સ્મીતા ગામીતના માર્ગદર્શન દ્વારા તેમજ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટની જહેમતથી કેશગૂંથણી અને મ્હેંદી સ્પર્ધાના સ્પર્ધકોને પ્રોત્સાહિત ઈનામોની જોગવાઈ કરાઈ.

સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી બે એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી તરખાટ મચાવી રહી છે. શહેરમાંથી એક પછી એક વાહન ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકી રહી હોય તેમ લાગી રહ્યું છે. હવે રાજયના પાટનગરમાં ટુ-વ્હીલર સલામત રહ્યા નથી. વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. આંતરે દિવસે નગરમાંથી વાહનચોરીના કિસ્સા સામે આવે છે. ત્યારે પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોર સિફતપૂર્વક ટુ-વ્હીલરની ચોરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે હવે વાહનચોર પકડવા માટે પોલીસ પણ કમરકસી રહી છે. ત્યારે સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં એસડી ડેપો અને સરગાસણ ચોકડી પાસેથી એકટીવાની ચોરી થતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ ચોકડી પાસે આર્યુવેદીક કલીનીક ચલાવતા ૬૫ વર્ષિય કાલીદાસભાઈ વલ્લ ભભાઈ લોઢીયા તલોદના ઉજડીયા ગામે પરિવાર સાથે રહે છે. કાલીદાસભાઈ શહેરમાં એકટીવા નં. જી. જે. ૧૮. એ. જે. ૯૭૫૮ નો ઉપયોગ કરે છે. જયારે ગત તા.૨૮ એપ્રિલના રોજ બપોરના ૩ વાગે એસટી ડેપોના પાર્કિંગમાં એકટીવા પાર્ક કરી વતન ઉજડીયા ખાતે બસમાં ગયા હતા. જયારે તા.૨ મે ના રોજ વતનથી પરત ફરીને ગાંધીનગર એસટી ડેપો ખાતે બપોરના અઢી વાગે આવીને જોયુ તો ડેપોના પાર્કિંગમાં પાર્ક કરેલ એકટીવા ગાયબ હતું. જેથી કાલીદાસભાઈએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરાવી હતી. પરંતુ એકટીવાનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. જેથી ફરીયાદીએ રૂ.૧૫ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાણંદ જીઆઈડીસી ખાતે મેકસીસ રબ્બર ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડમાં આસીસ્ટન્ટ તરીકે સન્ની શંકરભાઈ પટેલ ફરજ બજાવે છે.જયારે સન્ની પટેલ સરગાસણ પ્રમુખ પેસીફીક સોસાયટીમાં મકાન નં.ડી.૧૦૪ ખાતે પરિવાર સાથે રહે છે. સન્ની પટેલના પિતાજીના નામનુ એકટીવા નં. જી. જે. ૦૨. બી. એલ.-૭૫૮૯ નો ઉપયોગ નોકરી પર આવન-જાવન માટે સન્ની પટેલ કરે છે. જયારે ગત તા.૨૮ એપ્રિલના રોજ સાંજના ૪ વાગ્યાના અરસામાં સન્ની પટેલ સરગાસણ ચોકડી પાસે અટ્રીયા કોમ્પ્લેક્ષ પાસે ખુલ્લી જગ્યામાં એકટીવા પાર્ક કરીને ખાનગી વાહનમાં બેસની સાણંદ જીઆઈડીસી ખાતે નોકરી પર ગયા હતા. જયારે બીજા દિવસે તા.૨૯ એપ્રિલના રોજ સવારે ૯ વાગે અટ્રીયા કોમ્પ્લેક્ષ ખાતે એકટીવા પાર્ક કર્યું હતું. તે જગ્યાએ આવીને જોયુ તો એકટીવા ન હતું. જેથી એકટીવાની આસ પાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા મળી આવ્યું ન હતું. જેથી એકટીવા ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઓમલેન્ડ માર્ક સંકુલ દ્વારા આયોજિત એક શામ શિક્ષા કે નામ અંતર્ગત રંગોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૩

ગુજરાત રાજ્યનો ૬૨મો સ્થાપના દિન પ્રસંગે ગુજરાતનું ગૌરવ અંતર્ગત ચિલોડા સ્થિત ઓમ લેન્ડ માર્ક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ચિલોડા મોટા આયોજિત ડભોડા મુકામે હનુમાન મંદિરના સાનિધ્યમાં રિવર ફ્રન્ટના સુંદર સ્થળે બાળકોના વિકાસ તેમજ શિક્ષણક્ષેત્રે પ્રગતિમાં ઉત્તરોત્તર વધારો થાય તે અંતર્ગત એક શામ શિક્ષા કે નામ આધારિત વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ગાંધીનગર આરોગ્ય સમિતિના ચેરમેન લલિતસિંહ ઠાકોર, ગામના સરપંચ આનંદીબેન પરમાર, હિંમતસિંહ પરમાર, બળદેવસિંહ પરમાર, હનુમાનજીદાદાના મંદિરના ટ્રસ્ટી હીરાભાઈ જે. પટેલ, રાજુભાઈ ગજ્જર, ચિલોડા ગામના અગ્રણી નટુભાઈ પટેલ પત્રકાર, ઓમ લેન્ડ સ્કુલના ટ્રસ્ટી ડૉ. અશોકભાઈ રાવલ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ પ્રવૃત્તિ વેશભુષા સાથે રજૂ કરી હતી જેનો મુખ્ય ધ્યેય એક જ હતો "શિક્ષા" આ કાર્યક્રમમાં આમંત્રિત વાલીગણ દ્વારા પોતાના બાળકની શિક્ષણ પ્રત્યેની ઉત્સુકતા જોઈ ગદગદી થયા હતા તેમના હૃદયમાંથી નીકળેલા પ્રેરણાદાયી શબ્દોનું વર્ણન કર્યુ હતુ. દરેક વાલીગણને ચિંતા થતી હોય છે પણ આ કાર્યક્રમ થકી ઓમ લેન્ડ માર્ક મેનેજમેન્ટ સ્ટાફ તેમજ સારસ્વત મિત્રોએ બતાવી દીધું હતું. બાળક માટે ચિંતા નહિ પરંતુ સહચિંતન કરવાની જરૂર છે. અંતે શાળા પરિવાર દ્વારા ભાગ લેનાર તમામ બાળકોને મોમેન્ટો આપવામાં આવી, દરેક બાળકો ભણી ગણીને ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવવામાં આવી. પધારેલ તમામ મહેમાનો અને ગ્રામજનોનો અંતઃકરણ આભાર વ્યક્ત કર્યો હતો.

રાજ્ય યોગ બોર્ડ દ્વારા આજથી બે દિવસીય યોગ શિબીરનો ગાંધીનગર ખાતે આરંભ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકારના 'યોગમય ગુજરાત' બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આજથી બે દિવસીય યોગ શિબિર કાર્યક્રમનો આરંભ સેકટર-૨૨, રંગમંચ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યો છે. આ શિબીર સવારના ૫.૩૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન યોજાઈ હતી.

આજથી આરંભ થયેલ યોગ શિબીરને ગુજરાત યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજી, ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના હસ્તે આ શિબીરનું દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવી હતી. આ યોગ શિબીરમાં સમગ્ર ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારના મોટી સંખ્યામાં યોગ પ્રેમી નાગરિકો જોડાયા હતા.

અડાલજ ખાતે હિન્દુ-મુસ્લિમમાં કોમી એકતાના દર્શન થયાં

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના અડાલજ ખાતે આવેલ મસ્જિદમાં કોમી એકતાના દર્શન થયા હતા. જ્યારે દેશમાં વિવિધ પ્રાંતોમાં કોમી વિખવાદ ઉભા થઈ રહ્યા છે અને ભારતની અખંડતાને તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે ગાંધીનગરના અડાલજ ખાતે કોમી એકતાએ સમાજને એક ઉમદા ઉદાહરણ પુરું પાડ્યું છે. ગાંધીનગરના અડાલજ મુકામે મુસ્લિમ સમાજ દ્વારા જ્યારે મસ્જિદમાં ઈદનો પર્વ ઉજવાઈ રહ્યો હતો ત્યારે અડાલજ ગામના સરપંચ બિનીતાબેન પ્રજ્ઞેશભાઈ પટેલ તથા પ્રજ્ઞેશભાઈ પટેલ, પંચાતયના સભ્ય દક્ષાબેન મકવાણા, ગાંધીનગર તાલુકા ભાજપના મંત્રી ભાવેશભાઈ પ્રજાપતિ, અડાલજ પોલીસ સ્ટેશનના સ્ટાફે મુસ્લિમ બિરાદર વચ્ચે ઉપસ્થિત રહીને મુસ્લિમ ભાઈઓને ઈદના પર્વની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં અડાલજના અગ્રણી, સમાજસેવક અને પંચાયતના સભ્ય એવા પ્રજ્ઞેશભાઈ પટેલએ વકતવ્ય આપી તમામ મુસ્લિમભાઈઓને ઈદની શુભકામનાઓ પાઠવી હતી. તેમજ અડાલજ મસ્જિદના ટ્રસ્ટી રૂસ્તમભાઈ મલેકે આવેલા તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.આ કાર્યથી અડાલજ ગામમાં કોમી એકતાની મહેક ચારે તરફ પ્રસરી હતી. અડાલજ ગામની કોમી એકતા જોઈ દેશ અને ગુજરાતના અન્ય પ્રાંતના લોકોએ કાંઈ શીખવું જોઈએ. સૌ હિન્દુભાઈઓને અખાત્રીજ અને શ્રી પરશુરામ ભગવાનના જન્મ મહોત્સવની શુભકામનાઓ અને સૌ મુસ્લિમભાઈઓને ઈદના પર્વની શુભકામના સાથે દેશ અને રાજયમાં શાંતિ અને એકતા બનાવી રાખવા વિનંતી કરતું અડાલજ ગામની કોમી એકતાની ઝલક જોવા મળી હતી.